સાલ : ૧૭ / સિલસિલાવાર નંબર : ૧૫૧ / શુમારો : ૧

કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

મોહર્રમુલ હરામ-સફરૂલ મુઝફ્ફર ૧૪૪૧ / સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૯

# હું

હું નહીં હોવ તો આ દુનિયાનું શું થાશે? મારા અધુરા રહેલા કામોને કોન પૂરા કરશે? મારો વેપાર, મારૂં મકાન, આ બધાનું શું થાશે? અરે! સમાજમાં મારો મકામ, મારૂં માન, મારી પહેચાન, મારો મોભ્ભો, મારા બગૈર તો બધુ ભુલાઈ જાશે, અધુરૂં અધુરૂં લાગશે. આવા વિચાર ઈન્સાનને હર પલ સતાવે છે, મગર આનો જવાબ આ મુજબ છે.

મારા પાછલ મારી હસ્તી એ રીતે ભુલાઈ ગઈ,
આંગલી પાનીમાંથી નિકલી ને જગા પુરાઈ ગઈ.

અહીં તો, એક જાય કે તરત બીજો આવે, એવો કુદરતનો કાયદો છે. દુનિયા પૈદા થઈ તે વક્તથી આજ સુધી અને આજથી લઈને કેયામત સુધી આ જ કાનૂન ચાલશે, તો તેમાં કોઈ ફેરફાર થાવાનો નથી.

જાણે ફાડે કોઈ તારીખના બે-બે પાના,
તારા દિલથી હું, એ રીતે ભુલાઈ ગયો.

જેનામાં "અના" છે, તેને ફના છે. **" અના " યાઅની હું**. જે શખ્સ હું, હું ને હું જ માં રહેશે તેને ફના જ ફના છે. તે કોઈ વાર બીજાનો ખ્યાલ નહીં રાખે, લેહાઝા તે યહાઁથી જાશે તો હું નો જનાઝો લઈને જાશે. તેના જાવા બાદ, "હું" તેને લોગોના દિલો માંથી મિટાવી દેશે, "હું" ની ફનાની આંધી તેના નામો નિશાનને ખત્મ કરી દેશે. કહેવાય છે કે, "આ દુનિયામાં જેનું પણ નામ છે, તેનો નાશ છે." જે શખ્સની યહાઁ વિલાદત થાય છે તે વફાત થાવાનો જ, મૌતની સવારી હર ઘરમાં આવવાની જ, વદાઅ થાનારને દુનિયા જોતી જ રહેવાની, ને પછી બીજા દિન ખુબ આસાનીથી ભુલી પણ જાવાની. યાદ કરો, આ દુનિયામાં કેવી કેવી હસ્તીઓ આવીને ગઈ, એક ઝમાનામાં તેઓનો દબદબો ઝમીન પર હતો અને આજે તેઓ ખામોશ થઈને ઝમીનમાં દફન છે.

પત્તા, ડાલી, છાયો, ખિરવું અને એવું બધું,
ક્યા નવું છે, જીવવું-મરવું અને એવું બધું.

કહેવાય છે કે, બાદશાહ સિકંદર જેએ દુનિયાને અનેક વાર સર કરેલી, તેએ મરતા પહેલા વસીયત કરેલી કે, જે વક્ત મારો જનાઝો લઈને જાવ તે વક્ત મારા બન્ને ખાલી હાથને જનાઝાની બાહર રાખજો. જેથી દુનિયા જોઈ કે સિકંદર આ દુનિયામાં ખાલી હાથે આવેલો અને ખાલી હાથે જ જઈ રહ્યો છે.

જિનકે મહેલોં મેં હઝારોં રંગ કે ફાનૂસ જલતેં થે,
આજ ઉનકી કબ્ર સિવા ન કોઈ નામ ન નિશાન મિલતેં હે.

એ વાત હક્ક છે કે, જે શખ્સ કબ્રસ્તાનમાં જઈને કંઈ ઈબરત હાસિલ ન કરે, તે બીજી કઈ જગાથી ઈબરતને હાસિલ કરવાનો છે? ખાસ કરીને જેમના દિલ એકદમ સખ્ત છે, જે દિલમાં રહેમ રાખતા નથી, હું પણાના કઠોર સાયામાં બીજાની વાતથી નરમ પડતા નથી, એવા લોગો વાસ્તે નબીયુલ અર્ઝે વસ સમાવાત (સ.અ.વ.વ.) ફરમાવે છે કે,

(બકીયાહ પેજ નં. ૨ પર)

**કેટલી ઝિયાદહ શિખામણ છે મગર તે કેટલી કમ લેવામાં આવે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

જે વક્ત પણ મૌકો મિલે તે વક્ત કબ્રસ્તાન જાવ અને તે જગા પર માટીની અંધારી ચાદરમાં મોં છુપાવીને સુતેલાઓને યાદ કરો કે તેઓ પહેલા ક્યાં હતા? આજે તેઓ ક્યા છે? આમ કરશો તો ખુદ પરની તકબ્બુરી ચકનાચૂર થઈ જાશે.

હું અને મારી દુનિયાને ઓલખવાની વાત થઈ રહી છે તે વક્ત અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) નો કૌલ યાદ આવે છે, જેમાં બયાન છે કે, "**"હું" એક દુનિયા છે. આ દુનિયા લોભામણી છે.** તું ઉપરથી તો સાપ જેવી લીસી છે, મગર અંદરથી ઝહેરે હલાહલ છે. તું આખિરમાં તો ધોકો દેનારી જ છે." આ હું પણાની દુનિયાને જો કોઈ જલ્દીથી ઓલખી લે અને તેના ખતરાઓથી આગાહ થઈ જાય તો તે પોતાની ઈઝ્ઝત લોગોમાં બરકરાર રાખી શકશે. યઝીદ લઈન પણ આ બદીનો શિકાર હતો, લેહાઝા તે એવી અંધારી દુનિયામાં પટકાયો કે તે ઈમામે હક્ક મૌલાના હુસૈન (અ.સ.) જે આખેરતની શમ્અ લઈને ઊભેલા, તેને ન દેખાયા અને ભટકાઈ ગયો. યઝીદ લઈન ફનાના ખાડામાં પડો અને હુસૈની અઝાદારોં આજે બકાના મીઠા પાનીના ઘૂંટ નૌશ કરી રહ્યા છે.

**મૌત કે સૈલાબ મેં હર ખુશ્કો તર બેહ જાયેગા, એક ફક્ત નામે હુસૈન ઈબ્ને અલી રેહ જાયેગા.** ☆

---

(પેજ નં. ૪ નું બાકી)


તેમાંથી ચંદ લોગોની જ નિય્યત સાચી છે અને નમાઝ કુબૂલ છે. બાકી અકસર લોગો મારા વલીને ઈઝા પહોંચાડનાર, દર-બ-દર કરનાર અને તોહમત લગાડનાર છે. તેઓની ઈબાદત તો ફક્ત દેખાવ અને ગરઝપરસ્તી છે. ફિકરની બિના તો એ છે કે, **નેક લોગો પણ બદકારોંનો સાથ આપે છે**, હાઁ માં હાઁ મિલાવે છે, બદકારીને ખિલાફ કઈ બોલતા નથી. બધું જ જાણવાના બાવુજૂદ નેક લોગોએ પોતાની ઝબાન બંધ કરી દીધી છે. લેહાઝા! બદકારોંને બદકારી કરવાનું ખુલ્લું મૈદાન મિલી ગયું છે. તેઓ પોતાની મરઝીના માલિક બની બેસા છે. એમ સમઝે છે કે, હમારી આ બુરાઈને કોઈ રોકી શકશે નહીં યહાઁ તક કે, નેકી પર ચાલનાર લોગો પણ હમારા સાથે જ છે. હમારા કોઈ પણ અમલમાં ગામના હર કોઈ હમારા સાથે છે. કોઈને હમારા કામોંના સબબ ગુસ્સો નથી આવતો.

બુરા લોગો તેઓની બુરાઈના સબબ લાઈકે અઝાબ છે અને નેક લોગો ચુપ રહેવાના સબબ લાઈકે અઝાબ છે. લેહાઝા, "અય જિબ્રઈલ! મૈં તમને હુકમ કરૂં છું કે, તે ગામને ઉલટાવી દો." મૌ. જિબ્રઈલ તે ગામ પર દોબારહ નાઝિલ થયા અને એ મુજબ કહેર બરપા કીધો કે, પૂરૂંને પૂરૂં ગામ તબાહો તારાજ થઈ ગયું. ઝમીનની ઉપરની સતેહ નીચે ચાલી ગઈ અને નીચેની ઝમીન ઉપર આવી ગઈ. ઘડી-બે-ઘડીમાં તો ઝમીન પરથી પૂરા ગામની નિશાની મિટી ગઈ. **આ છે કહેરે ઈલાહીની એક મિસાલ.**

અય મુમેનીન! હમને આ કિસ્સાથી ઈબરત લેવી જોઈએ કે, ગુનાહ કરવાના સબબ યા ગુનાહ ના રોકવાના સબબ કઈ તરહ અલ્લાહતઆલાની નારાઝગીનો તે લોગો શિકાર બને છે. હાલીયહ ઝમાનમાં પણ જમાઅતના લોગોમાં આ બિના બને છે. અહલુલ બૈત, ઈમામો અને દોઆતનું હક્કનું દીન, તરીકો, અકીદો અને વતીરો છોડીને જાનાર બદકિસ્મત ખારિજી લોગો પરહેઝગારીનો જૂઠો લિબાસ પહેરીને જમાઅતના લોગોને ધોકો આપે છે, છેતરે છે. મોટામાં મોટો અઝાબ જમાઅતને છોડવામાં છે. એવા લોગો ખુદને હુશિયાર સમઝે છે મગર તેઓ જેવા જાહિલ બીજા કોઈ નથી કે, જે પોતાના બાપ-દાદાના દીનને ના ઓલખી શકા. અઝાબે ઈલાહીનો માર પડતા પહેલા અલ્લાહતઆલા તેઓને મોહલત આપે છે કે પાછા દીને હક્કમાં આવી જાય. જો ના આવા તો તેઓ તો શિકારે કહેરે ઈલાહી થાશે જ પણ તેઓને સાથે રહેનારા, બેસનારા, વહેવાર કરનારા, રિશ્તો રાખનારા પણ શિકાર બની જાશે. એક મુમિન હોવાની ઝિમ્મેદારી એ છે કે, બુરા લોગોની બુરાઈને રોકે. જો એ આમ નથી કરતો તો તે પણ બુરા લોગોમાં જ શુમાર થઈ જાશે. જો આ જ માજરો હોય, પછી બુરાઈમાં અને ભલાઈમાં શું ફરક રહી જાશે??? ☆

**કેટલું બહેતર અપનું દીન છે મગર તેને ઘણું કમ સમઝવામાં આવે છે.**

## લફઝી કશ-મ-કશ




**✵ ઉભી તરકીબ :**

૧) દુનિયામાં બંદાને ખુદાનો ______ ગુનાહોંથી બચાવે છે. (૨)

૨) કરબલાએ મુઅલ્લામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત મુમેનીન વાસ્તે નજાતના ______ મુજબ છે. (૩)

૩) શહાદત બાદ કરબલાથી જે વક્ત કાફલો રવાના થયો તો દુશ્મનોએ અહલુલ બૈત (અ.સ.) ને કેદી બનાવીને હાથોંમાં ______ બાંધી દીધી હતી. (૩)

૭) ______ શખ્સની સઝા મૌત છે અને હલાકી છે. (૨)

**✵ આડી તરકીબ :**


૨) મૌ. ઈમામ હુસૈન (અ.સ.) એ આપના અહલુલ બૈત સાથે ૬૦ હિ. ના રજબમાં મહીનાથી કરબલાના ______ ને ઈખ્તિયાર કીધો. (૩)

૪) યા ______, યા કાફી, યા વાફી, યા મુઆફી. (૨)

૫) બાહરના લોગો કરતા ______ વધારે નુકસાન પહોંચાવે છે. (૨)

૬) ______ કતરવાનો અફઝલ દિન યૌમુલ જોમોઅહ છે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩

## પરચમે અલવી લહેલહાયેં હમ

સબસે ઊંચા રિવાજ હે અપના,
સાફ-સુથરા સમાજ હે અપના.
કૈસા રંગીં ઊસૂલ હે અપના,
કિતના આઅલા રસૂલ હે અપના.
ઈસ મેં હર તરહ કી લચક ભી હે,
ઈસ મેં હર તરહ કી ચમક ભી હે.
યે શરાફત કા હુસ્ને જૌહર હે,
ઔર ઈન્સાનીયત કા ગૌહર હે.
હમને ઈસ રોશની કી કદ્ર ન કી,
મશઅલે ઝિંદગી કી કદ્ર ન કી.
હાથ મલતેં હૈં ક્યા કિયા હમને,
દુરે શહેવાર ખો દિયા હમને.
રોશની કો તરસ ગયે હૈં હમ,
ઝિંદગી કો તરસ ગયે હૈં હમ.
ખૈર! સબ કુછ યે હો ચુકા અબ ભી,
બાબે કરબલ તો હે ખુલા અબ ભી.
હૈ હુસૈન ઈબ્ને અલી હક્ક કે ઈમામ,
મુમિનોં કે વો હી તો આતે હૈં કામ.
ખૂબ હમ પાયેંગે માતમ કા સવાબ,
રબ કી રેહમત કા એક આઅલા હે બાબ.
હો કે નાદિમ યહાઁ સે હમ ન ચલેં,
મુશ્તરિક રહેમતોં કે હમ, હો લેં.
અબ ન અપને ખુદા કો હમ ભૂલેં,
ફર્શ સે ઉઠ કે અર્શ કો છૂ લેં.
શર્એ અહમદ સે આઓ પ્યાર કરેં,
પૈરવી દિલ સે ઈખ્તિયાર કરેં.
અલવી ફૂલે ફલે જમાઅત યે,
સબસે આગે બઢે જમાઅત યે.
કામ હાતિમ કે મિલકે આયેં હમ,
પરચમે અલવી કો લહેલહાયેં હમ. ✩

**અહલુલ બૈત (અ.સ.) ની ઝિંદગીનો કેટલો આઅલા રસ્તો છે મગર તેના પર ઘણા જ કમ લોગો ચાલે છે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ - બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
## કિસ્ત - ૪૨

**બદકારોંના સાથે નેક લોગો પણ ખુદાના ગુસ્સાના શિકાર થાશે અગર તેઓ બદકારોંને બુરાઈથી નહીં રોકે**

અલ્લાહતઆલા પોતાના કિતાબ કુરઆને કરીમમાં ઘણી આયતોંમાં ગામડાઓની ઝિક્ર ફરમાવે છે. એ તરહથી કે, તે ગામડાના લોગો ગુનાહગાર હોય, બેદીન હોય, માઅસીયત કરનાર હોય, મનમાનીથી પોતાની ઝિંદગી ગુઝારતા હોય, એવા લોગો એમ સમઝતા હોય કે, તેઓ જે કઈ કરી રહ્યા છે તે સહી છે અને તેઓનો રબ તેઓથી ખુશ છે. મગર અસલી વાત તો એ છે કે, તેઓના આ કરતૂત પર અલ્લાહતઆલા તેઓને મોહલત આપે છે, અઝાબ ઉતારવામાં તાખીર કરે છે, તૌબાનો મૌકો આપે છે. મગર તેઓના દિલો દિમાગ એ મુજબ બિગડી ચુકેલા હોય છે કે, અલ્લાહતઆલા તરફથી આવનાર અઝાબની નિશાનીઓ તેઓને દેખાતી નથી. તેઓના દિલો અંધા થઈ ચુકા હોય છે.

અલ્લાહતઆલાએ આવા લોગોને તેઓની રિહાઈશગાહોંમાં કે ગામડાઓમાં આમને આમ ઢોર-ઢાંકર જેમ છોડી નથી મુકા, મગર તેઓની ખતા બતાવવા, રાહે રાસ્ત પર લાવવા, હક્કની નસીહત કરવા, દીનના અરકાનને સમઝાવવા વલીઓને મોકલા, નબીઓ અને રસૂલોને પૈગામે ખાસ લઈને પસંદ કીધા. આ તરહ વરસો તક અલ્લાહના વલીઓ ખિદમત કરતા રહ્યા અને આના બરખિલાફ ગામડાના જાહિલ લોગો ઔલિયાઉલ્લાહને બેઈન્તેહા તકલીફ પહોંચાડતા રહ્યા અને શદીદ ઈઝા દેતા રહ્યા. બલા અને આફતનો સામનો કરીને પણ ઔલિયાઉલ્લાહ સબર કરતા રહ્યા. ઘણા તો અલ્લાહની રાહમાં શહીદ થઈ ગયા. **મગર યાદ રહે કે, અલ્લાહનો અદલ કાઈમ છે.** તેના અઝાબની લાઠી ઘણી સખ્ત-તરીન હોય છે. એવા ગુનાહગાર લોગોના ગામડાના ગામડા તબાહો તારાજ થઈ ગયા. ઝમીન પરથી તેઓનું નામો નિશાન મિટી ગયું. પણ એવા ઘણા ગામડા-આબાદીઓ હોય છે જ્યાં બદકાર લોગો સાથે નૈક લોગો પણ હોય છે. તો જે વક્ત અઝાબે ઈલાહી નાઝિલ થાવાનો હોય તો નૈક લોગોનો શું હાલ થાય? શું તેઓ પણ બલામાં ગિરફતાર થાય? એવો જ એક કિસ્સો નીચે મઝકૂર છે.

### કિસ્સો

અલ્લાહતઆલાએ એક રાતે મૌ. જિબ્રઈલ (અ.સ.) ને વહ્ય કીધી કે, તે ફલાઁ ગામમાં જાય અને સવાર થાતા જ તેને ઉલટાવી દે. ઝમીનમાં ઝૈરો ઝબરી લાવી દે. તેના તમામ ઘરોને ઝમીનદોઝ કરી દે. યાઅની કે એવી તબાહી મચાવે કે, ઝમીન પર ગામની એક નિશાની બાકી ના રહેવા દે. હુકમે ઈલાહી મુજબ મૌ. જિબ્રઈલ તે ગામમાં સવાર પડતા જ નાઝિલ થયા અને જોયું કે, ચાર હઝાર જેટલા લોગો સફેદ લિબાસ પહેરીને ફજરની નમાઝ વાસ્તે જઈ રહ્યા છે. મસ્જિદમાં નમાઝીઓથી રોનક જ રોનક છે. તે નમાઝીઓના ચહેરા પર અલ્લાહની ઈબાદત કરવાનો શૌક ઝલકી રહ્યો છે.

આ મન્ઝર જોઈને મૌ. જિબ્રઈલ કોઈ અમલ કીધા બગૈર પાછા ચાલા ગયા અને રબ્બુલ ઈઝઝતથી ઈલ્તેજા કીધી કે, “અય પરવરદિગારે આલમ! શું હું એવા પરહેઝગાર-નમાઝી લોગોના ગામને ઉલટાવી દઉં કે જેઓ ફજરમાં ઉઠીને તારી ઈબાદત વાસ્તે મસ્જિદમાં હાઝિર થાતા હોય યા પોતાની રાતોંને તારી યાદમાં અને દોઆમાં ગુઝારતા હોય!” અલ્લાહતઆલાએ ગઝબનાક થઈને ઔર શદીદ હુકમ ફરમાવો કે, **“હાઁ! મને બિલકુલ ઈલ્મ છે કે, તેઓ શું કરે છે? મેં તેઓની ઝબાનથી આહ! આહ! ની આવાઝ સાંભલવા માંગું છું. મેં તમને એક વાર હુકમ કીધો તે મુજબ તમેં તાઅમીલ કરી દો.”**

મૌ. જિબ્રઈલે કાંપતા કાંપતા અરઝ કીધી કે, ખતા મુઆફ થાય! આ તરહનો શદીદ હુકમ શું કામ? જવાબ મિલો કે, રૂહુલ અમીન! તમેં જે જોવ છો તે કઈ હકીકત નથી. મસ્જિદમાં જાનાર તમામ નમાઝીઓ કઈ સાચા નમાઝીઓ નથી. (બકીયાહ પેજ નં. ૨ પર)

**અપની કેટલી સાચી દાઅવત છે મગર ઘણા કમ લોગોને માઅરેફત છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૬
## અલવી અકીદાઓ - અકીદો-૬

**મુકદ્દેમો-પ્રસ્તાવના :**

દુનિયાની એવી કૈફીયત છે કે, હર વક્ત લોગો સચ્ચાઈને દબાવવાની કોશિશ કરે છે. જાણવાના બાવુજૂદ અંજાન બનવાની બનાવટ કરે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ આપના વસી અલી અને આપના દુખ્તર ફાતેમાના અહલુલ બૈત (અ.સ.) નો મરતબો, સચ્ચાઈ અને ફઝીલત ઉમ્મતના લોગોએ નઝરઅંદાઝ કરી દીધી. આપના ફરમાન અને નસીહતને પીઠ પાછલ નાખી દીધી. **મસ્જિદ, મિનાર, મહેરાબ અને મિમ્બરના માલિક આલે મોહંમદ (સ.અ.) ને ઘરમાં બેસવા વાસ્તે મજબૂર કરી દીધા અને ગૈર-મુસ્તહિક્ક લોગોને પોતાના આકાઓ બનાવી લીધા.** આના સબબ ઉમ્મત જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વક્ત તક એક જ હતી, તેમાં એવો તફરેકો પડો કે, પૂરી ઉમ્મત બેશુમાર ફિરકાઓમાં વિખેરાઈ ગઈ. હક્કના સાહેબ મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી જુદા થયેલા હરએક ફિરકાના જાહિલ, દૌલતમંદ, શાતિર, ચાલાક અને વગદાર મુઠ્ઠીભર લોગોએ પોતાનો ગરઝ-મતલબ પૂરો કરવા પરહેઝગાર દેખાતા શખ્સોને તે ફિરકાના રઈસ અને સરદાર બનાવી લીધા.

હક્કને છોડવાના સબબ અંધારૂં તો હતું જ, પણ જે વક્ત આવા દુનિયાદાર રઈસો પોતાના ફિરકાના માલિક થઈને મિમ્બરો મસ્નદ પર નાહક્ક કબ્ઝો કરી બેસા, તો આ કબ્ઝાના એવા ખતરનાક અસરાત પૈદા થયા કે. કબ્ઝો કરનાર ગાસિબો પર શયતાનને કબ્ઝો જમાવી દીધો અને ઝમાનો ગુઝરતા આ અંધારૂં વધતું ગયું અને આજે પણ તે લોગો અંધારામાં જીવી રહ્યા છે. જેમ પ્યાસા પાની બગૈર તડપી રહ્યા હોય. તેમ અંધારામાં કૈદ લોગો રોશની વાસ્તે તડપી રહ્યા છે. આ તરહ હક્ક બગૈર બાતિલની પ્યાસથી બેબસ રઈસોના ફિરકાઓમાં **ઈસ્લામી શરીઅત અને ઈમાની અકીદાઓનું મુબારક દરખ્ત** સુકાઈ ગયું અને તેનો સાયો મિટી ગયો. જે કઈ બાકી રહી ગયું તે ગૈરફાયદાકુન ઝાડી-ઝંકર હતું જે તેઓના ફિરકાને બદસૂરત અને ખોખલું બનાવતું રહ્યું.

જેમ જેમ ઝમાનો ગુઝરતો ગયો અને નવી પેઢીઓ આવતી ગઈ તેમ તેમ જે તે ફિરકાના રઈસ તેના ઝમાનામાં ગુઝરા, તો તેના લોગોએ એક બાદ બીજાને બગૈર કોઈ સુલાહીયત કે કાબિલીયત મનફાવતા રઈસ પસંદ કરી લીધા. બીજી સંગીન બિના એ બની કે, જેટલા ફિરકા બનતા ગયા તેના ગુઝરી ગયેલા સરદારોએ બનાવેલા મનઘડીત, નામાઅકૂલ અને ગૈર-મુસ્તનદ અકીદાઓ-માન્યતાઓને પછીના આવનાર રઈસોએ પોતે લોગોમાં મકબૂલ થાવા, મહેબૂબ બનવા અને તેઓના દિલમાં અઝીઝ થાવા વકતની માંગ, હાલાતનો તકાઝો અને તે લોગોના રૂખ મુજબ ખોટી બેબુનિયાદ દલીલોને પૈશ કરીને, તેને જાઅલી લિબાસ પહેરાવીને બિગડેલા અકીદાઓમાં ઔર વધારે ફેરફારો કરી નાંખા. જેમ ગિરગટ રંગ બદલે છે, હવા રૂખ બદલે છે, તેમ ઝમાનાના બદલાવ સાથે આ નવા-નવા ફિરકાઓના અકીદાઓમાં પાયાનો બદલાવ વાકેઅ થાતો ગયો અને આજે પણ તબ્દીલી થઈ રહી છે.

**અકીદો ૬ : અલ્લાહતઆલા ના જૌહર છે, ના અર્ઝ**

અલ્લાહતઆલાએ પૈદા કીધેલી તમામ મખ્લૂકાત-મૌજૂદાતને જૌહર અને અર્ઝથી બનાવેલી છે. અર્ઝ તે આમ ચીઝ છે અને જૌહર તે ખાસ ચીઝ છે. જૌહર આમ ચીઝ જે અર્ઝ હોય છે, તેને ખાસ બનાવે છે, તેની બનાવટમાં નવા હાલાતને પૈદા કરે છે. તેની મિસાલ એમ લેવાય કે, સફેદ કપડું જો અર્ઝ હોય તો જે રંગ તેના પર ચઢાવવામાં આવે તે તેનું (બકીયાહ પેજ નં. ૮ પર)

**માઁ-બાપનું ઘરમાં હોવું કેટલી મોટી નેઅમત છે મગર ઘણા કમ લોગો તેમની ઈઝ્ઝત કરે છે.**

## રહેમતે ઈમામે મઝલૂમ (અ.સ.)
## કિસ્સો : ચોર અને કબરે ઈમામ હુસૈન (અ.સ.)

કુરઆને કરીમમાં પહેલા પારાની શુરૂઆત "અલિફ-લામ-મીમ" થી થાય છે જેને આમ તૌરથી પઢવામાં આવે તો "**અલમ**" પઢાય. અરબી ઝબાનમાં "અલમ" ની માઅના આફત, મુસીબત અને ગમની થાય છે. મૌ. ઈમામ હસન (અ.સ.) ની શહાદત બાદ આપના બિરાદરે સગીર મૌ. ઈમામ હુસૈન (અ.સ.) અર્શે ઈમામત પર જલ્વાઅફરોઝ થયા અને સાથે કુરઆનો શરીઅતના માલિક થયા, કરીન થયા, નાતિક થયા અને મરકઝ થયા.

કુરઆને કરીમની સહી અને સાચી માઅના આપની શહાદતથી ઝાહિર થઈ. મખ્લૂકે ખુદાવંદી માંથી તમામે પોત-પોતાના અંદાઝમાં આપ પર માતમ કીધું, આહો બુકા કીધી અને એતેરાફ કીધો કે, આપનો જ ગમ દુનિયાના કુલ ગમ પર હાવી છે અને તે જ નજાતનો રસ્તો છે. આહો બુકા કરવામાં કુરઆને કરીમ પણ બાકી નથી રહ્યા. કુરઆને કરીમના પહેલા પારાની શુરૂઆત આપ મૌલા પર ગુઝરેલા મઝાલિમ-મસાઈબના "**અલમ**" થી થાય છે. આપ જે કુરઆનના માલિક છે તેની તમામ આયતો આપની શહાદત પર આહોઝારી કરે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "મારા હુસૈન પર માતમ કરવું, આહોઝારી કરવી તે મારી સુન્નત માંથી છે. મારા ફરઝંદ હુસૈનને યાદ કરવું તે મારા ઉપર સલવાત પઢવા મુજબ છે. મારા હુસૈન પર રોવાના સબબ લોગો જન્નતી બનશે. આ જન્નતી મુમેનીન મારી મુલાકાત કરી શકશે. મારી અને **મારા હુસૈનની સીરત-સૂરત પર ચાલનાર મુમેનીનને માતમ કરવું ફાયદો કરશે.**" આ તો રોવાની વાત છે મગર એવા એવા ગુનાહગાર લોગોની શફાઅત આકા હુસૈને કીધેલી છે કે, જે આપની હઝરતે હુસૈનીયહમાં બાખુલૂસ, પાક નિય્યત, પાકીઝા દિલ અને આપના નામ પર તકીયો રાખીને હાઝિર થયા અને મગફેરત-તલબી વાસ્તે અરઝ ગુઝારી.

રિવાયતમાં બયાન આવેલું છે કે , કરબલાએ મુઅલ્લામાં એક ચોર હતો કે જે કોઈ સબબથી પકડાઈ જાતો તો તે ચોરીથી ઈન્કાર કરી દેતો. તે ચાલાક અને જૂઠ બનાવટ કરનાર હતો. આ મુજબ ગદ્દારીથી તેએ કંઈક મરતબા ચોરી કીધી. તેની હિમ્મત વધતી ગઈ. મગર હરએકનો વક્ત હોય છે. એક દિન બનું એમ કે, તેની ચોરી પકડાઈ ગઈ. લોગોએ તેના હાથ બાંધી દીધા અને તેને કાઝીના નઝદીક પૈશ કરવામાં આવો. ચોરી વાસ્તે કોઈ શાહિદ ના હોવાના સબબ તે કાઝીને કહેવા લાગો કે, "**મૈં ચોરી કીધી જ નથી અને આ અમરમાં મને કઈ જ ખબર નથી.** આ લોગો મારા ઉપર નાહક્ક ઈલ્ઝામ લગાવે છે."

મગર કાઝીએ તેની વાત કુબૂલ કીધી નહીં. મશ્વરો એમ થયો કે, તે ચોરને મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની કબરે મુબારકના નઝદીક લઈ જાવામાં આવે અને જ્યાં તક તે કબર પર ચોરી નહીં કરવાની કસમ ના ખાય ત્યાં તક તેના ઉપર એતેમાદ મુકવામાં આવે નહીં. જો તે કસમ ખાઈ લે તો તેને આઝાદ કરી દેવામાં આવે. તય થયા મુજબ ચોર કબરના નઝદીક આવો અને કસમ ખાધા કે, તેએ ચોરી કીધી નથી. તેનું મૌલા હુસૈનની કબર પર આ મુજબ કસમ ખાવું, નવી વાત ન હતી. પહેલા પણ તે આ જ મુજબ કેટલીક વાર કરી ચુકો હતો. **પણ ચોરીની બદ આદતે તેને નફ્ફટ-બેશરમ બનાવી દીધો હતો.** ખોટા કસમ ખાવાને બાવુજૂદ તેને કઈ જ થાતું ન હતું.

ચોરના નસીબ આ વક્ત પહેલા જેવા સારા ન હતા. જૂઠી કસમ તો ખાધી મગર તે જ વક્ત આકા હુસૈન તરફથી એવો અઝાબ નાઝિલ થયો કે, તે તે જ જગા પર તે જ વક્ત ફૌરન અંધો થઈ ગયો. તેની આઁખોંની રોશની ચાલી ગઈ. તેને અહેસાસ થયો કે, તેએ કેટલો મોટો ગુનાહ કીધો છે. તે ખૂબ શરમાયો અને રોવા લાગો. આકા હુસૈનની કબરે મુબારક પર માથું મુકીને ખુબ રોયો. યહાઁ તક કે, તે **બે દિન તક ભુખો-પ્યાસો** આપ મૌલાની કબરે શરીફના નઝદીક બેસી રહ્યો.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**ઈબાદત કરવાના તરીકા તો બેશુમાર છે મગર ઘણા કમ લોગો તેને અપનાવે છે.**

(પેજ નં. ૬ નું બાકી)

તેએ અરઝ કીધી કે, "અય મારા મૌલા હુસૈન! મૈં મારી ખતાનો ઈકરાર કરૂં છું કે, મૈં મુઆફીને લાયક નથી. મૈં આપનો મોટો ખતાવાર છું. જૂઠું બોલીને મૈં આપના સાથે ગદ્દારી કીધી છે. આપ મને પરામી લો. આપ તો રહેમતના દરિયા છો, આપ મારા ઉપર કરમ કરીને મારી આઁખોંની બીનાઈ અને રોશની પાછી આપી દો. મૈં આપને વાઅદો આપું છું કે, **આવી ભૂલ દોબારા નહીં કરૂં.**"

"અય મઝલૂમે કરબલા! આપને લઈનોએ ઈઝા અને તકલીફ પહોંચાવી, આપના ફરઝંદોના સરોને તીરો અને ભાલાઓના નિશાન બનાવા, આપને ઝુલ્મો સિતમથી શહીદ કીધા, મગર આપે સબર કીધો અને એક લફઝ પણ દુશ્મનોંના હક્કમાં બદ્દોઆ ના કીધી. અય મારા હુસૈન! આપ મારી રૂદાદ પર નઝર ફરમાવો, મૈં તો યહાઁ આવીને ફક્ત જૂઠા કસમ ખાધા છે. **આપને કઈ પણ તરહની મૈં તકલીફ નથી પહોંચાવી.** આપના ભાઈઓ, બેટાઓ, ભતીજાઓ અને ભાનજાઓને મૈં કત્લ નથી કીધા. આપના અહલને મૈં ઈઝા નથી દીધી. આપના નૌજવાન ફરઝંદ મૌ. અલી અકબરને ભાલો નથી મારો. મૌ. અલી અસગર માઅસૂમના નાઝુક ગલા પર મૈં તીર નથી ચલાવો. આપના અહલે બૈતને મૈં નથી સતાવા, નથી રોવડાવા.

"અય મૌલા હુસૈન! કરબલામાં આપ બેયાવરો નાસિર હતા. કોઈ આપની મદદ પર ન્હોતું. તે વક્ત દુશ્મનોંએ આપને તરહ-તરહની તકલીફો પહોંચાવી પણ આપે તેઓ પર રહેમત કીધી. બદ્દોઆ ના ફરમાવી. સઝા ના કીધી. મગર મને દિલમાં ખૂબ ગમ છે કે, ફક્ત ખોટી કસમના સબબ આપે મને અંધો બનાવી દીધો? હવે મૈં કહાઁ જાઉં?"

"અય આકા હુસૈન! આપના જવાન ફરઝંદ હમશિક્લે મુસ્તફાની હુરમતથી અને મૌ. અલી અસગરના તુફૈલથી આપ મને બીનાઈ અતા ફરમાવી દો. નહીં તો, બહેતર તો એ થાય કે, **આપ મારી રૂહ કબ્ઝ કરી દો.**" રિવાયત કરનાર બયાન કરે છે કે, ચોરે આ મુજબ દિલી ઈલ્તેજા કીધી કે તે જ વક્ત તેની નઝરોના સામે આકા હુસૈનની કબરે મુબારક શક થઈ અને આપ મૌલા રોતા રોતા કબરના બાહર તશરીફ લાવા.

આપ તે ચોરને ફરમાવવા લાગા કે, "અય શખ્સ, મૈં તુંને અંધો નથી કીધો મગર બાઝ વક્ત મૈં મારા ફરઝંદ મૌ. અલી અકબર અને અલી અસગરના ગમ, મુસીબત અને જાઁફિદાઈ પર રોઉં છું તો મને મારા ભાઈ અબ્બાસ અલમદાર સબર બંધાવવા અને દિલાસો દેવા આવે છે. ઈત્તેફાકન તે વક્ત તુંએ મારી કબર પર ખોટા કસમ ખાધા તે વક્ત મારા અબ્બાસ મારા નઝદીક હાઝિર હતા. **તે જલાલના સાહેબ છે. મારી કબર પર તારા જૂઠા કસમની નિદાને અબ્બાસે સાંભલી લીધી.** ચોરી અને જૂઠના સબબ અબ્બાસ ગુસ્સામાં આવી ગયા અને તેએ તારી આઁખોંમાં પોતાની આંગલીને ફિરાવી દીધી. તેથી તું અંધો થઈ ગયો."

આકા હુસૈનના આ સખ્ત કલામ સાંભલીને તે ચોર કાંપવા લાગો. ખુદની ઝાતને કોસવા લાગો. મગર પછી આકા હુસૈનની ખૂબ નરમ લહેજામાં આવાઝ સાંભલી કે, "અય શખ્સ! તું ફિકર ના કર. મૈં તારા દિલના હાલાતથી વાકિફ છું. મૈં તારા ઉપર રહેમત કરૂં છું અને તારાથી મીસાક-વચન લઉં છું કે, **તું આઈંદા ઝમાનમાં તારી પૂરી ઝિંદગી ચોરી ના કરજે.** મુમેનીન-મુત્તકીન મારા શીઆના તરીકા ઉપર ચાલજે. તારી કિસ્મતમાં જે રિઝક છે તે તુંને મિલા જ કરશે. અગર કોઈ પણ ચીઝની હાજત તુંને પૈશ આવે તો તું મારા દર પર આવી જાજે. મને ખુલૂસે દિલથી યાદ કરજે, મૈં તારી મદદ પર આવી જઈશ."

આ મુજબ ફરમાવીને આકા હુસૈને ચોરની આઁખોંમાં રહેમતની અને રોશનીની આંગલી ફિરાવી દીધી કે, તે જ વક્ત તે શખ્સની આઁખોંની બીનાઈ અને રોશની પાછી આવી ગઈ. અરે! પહેલા કરતા ઔર ઝિયાદહ તેની આઁખોં

(બકીયાહ પેજ નં. ૮ પર)

**દુનિયામાં ઈલ્મ તો ઘણું છે મગર ઘણા કમ લોગો સાહેબે ઈલ્મને જાણે છે.**

## મિશ્કાતુલ હાદીનો ૧૬ સાલ પૂરા કરીને ૧૭ માં સાલમાં દુખૂલ

"અલ-હાદી" ક્યા ખૂબ અખ્બાર હે, તવજ્જોહ મુમિન કી દરકાર હે.
હે શાહે સખૂન ઉનકે નામા નિગાર, હે મુલ્કે મઆની કે વો શહેરયાર.
હસદ સે અદૂ કે નહીં જિનકો કામ, ઝબાઁ તૈગ હે ઔર જૌહર કલામ. ✫

(પેજ નં. ૫ નું બાકી)

જૌહર બને છે. અગર કોઈ જિસ્મ હોય તો તેના અંદર વસેલી નફ્સ તેનું જૌહર બને છે. આસ્માન અર્ઝ છે તો સૂરજ તેનું જૌહર છે. ચહેરો અર્ઝ છે તો આઁખો તેનું જૌહર છે. કિતાબ અર્ઝ છે તો તેનું લખાણ તેનું જૌહર છે.

અલ્લાહતઆલા ઘણો આઅલા, બલંદ, મુકદ્દસ અને મુનઝઝહ છે કે, શું પોતાની જ પૈદાશુદા ચીઝોની સિફતોથી, ખાસીયતોથી યા ઝબાનોંથી તેની તાઅરીફ થાય! તેએ આ તમામ ચીઝોને વુજૂદમાં લાવીને અર્ઝ અને જૌહરમાં ઢાલી દીધી છે. આ બેવે ચીઝ એકબીજાથી અલગ થઈ શક્તા નથી અને તેમાંથી એકનું હોવું બીજાના મકસદને પૂરો કરે છે. તે અલ્લાહ આ બેવે ચીઝનો બિલકુલ મોહતાજ નથી. જો અગર અલ્લાહતઆલાની ઝાત તેએ જ બનાવેલા અલ્ફાઝની તાઅરીફથી બયાન થાય તો તે એમ જ કહેવાય કે, તે અલ્ફાઝ પણ મખ્લૂકના જ ઝમીરથી પુકારવામાં આવા છે. આ તો અલ્લાહતઆલાની માઅરેફતમાં ઓછપ થઈ કહેવાય.

જેમ ઈન્સાન ખુદને અને ખુદના આસપાસની ચીઝોને પુકારે છે, તેમ ઈન્સાનની કાસિર અને પુરખતા ઝબાનથી અલ્લાહની તાઅરીફ પણ તેની શાનમાં ગુસ્તાખી જ કહેવામાં આવે. આ ચીઝ એક આકિલ ઈન્સાનની અકલ અને સમઝથી ઘણી દૂર છે કે અલ્લાહતઆલાને કોઈ જૌહર યા અર્ઝથી નિસ્બત આપવામાં આવે. તમામ ઔલિયા આ નુક્તાને બાખૂબી સમઝે છે તો પછી જે લોગોને ઔલિયાથી શરીઅત મિલી હોય, હિદાયત મિલી હોય, જહાનના હાલાતથી વાકિફ હોય, નઝર-સોચ ગહેરી અને તૈઝ હોય, તો તેઓ આ વાત કેમ સમઝી ના શકે યા તેઓ અલ્લાહને આ બેવે વસ્ફ-જૌહર અને અર્ઝથી કેમ બરી ના કરી શકે. ✫

(પેજ નં. ૭ નું બાકી)

નૂરાની થઈ ગઈ. તે ચોર આકા હુસૈનની શફકત અને રહેમત પર ખૂબ રોયો, માતમ કીધું, આહોઝારીમાં પોતાની આઁખોંથી આઁસુઓના દરિયા વહાવી દીધા. આપ મૌલાની કરામત-મોઅજિઝનુમાઈ જોઈને તે ત્યાંથી ખુશી-ખુશી રૂખસત થઈ ગયો.

તેના દિલ પર એ મુજબ અસર થયો કે, તેના પાસે ચોરીનો જેટલો માલ પડેલો હતો તે તમામને પોત-પોતાના માલિકને પાછો આપી દીધો. આકા હુસૈનની મુશ્કિલકુશાઈની ઝિક્ર તે શખ્સે હર જગે આમ કરી દીધી અને તમામને શુક્રના પૈગામ દેવા લાગો. જે જેનો માલ ચોરી કીધો હતો તેમના નઝદીક હાથ જોડીને તૌબા કરવા લાગો. **તે કેમ ન કરતો! આકા હુસૈનની નસીહત અને કરમનો અસર હતો.**

મગર, અફસોસ સદ અફસોસ! કરબલામાં લઈનો કેવા સંગદિલ અને સીનાન સખ્ત હતા કે, તે લઈનોના દિલ પર આકા હુસૈનની હુજ્જત, હક્ક અને નસીહતે કઈ જ અસર ના કીધો. ચાઁદ જેવા ફરઝંદ મૌ. અલી અકબર પર ભાલા ચલાવા અને નન્હા બચ્ચા મૌ. અલી અસગર વાસ્તે થોડું પાની પણ ના આપું. ખુદાતઆલા તે લઈનોને લાઅનત કરજો. અય મુમેનીન! આકા હુસૈનનો ગમ, ઈબાદતને ઝિંદા કરે છે. કુરઆનને ઝિંદા કરે છે. ગમે હુસૈનનું એક આંસુ કુરઆનની તિલાવતને બરાબર છે. કેમકે, **આંસુને "દમઅ" કહે છે. "દમઅ" નો અદદ ૧૧૪ થાય છે.** યાઅની કે, એક આંસુ કે જે ગમે હુસૈનના સબબ નિકલે છે, તેમાં કુરઆનની ૧૧૪ સૂરતો સમાયેલી છે. ✫

**કામો તો ઘણા છે મગર થોડા જ જાણે છે કે તે કઈ જગા પર અને કઈ તરહથી થાય.**

# અહમદાબાદમાં ફિત્નાની જડ

(ગયા શુમારાનું બાકી) **મોહંમદ તાહેર નહેરવાલી પટણી**

મારા સુન્ની અકીદા પર આવી જાવ. આ જ મુજબનું ફરમાન તમેં તમારા લોગોને પણ કરો." આ મુજબ લખીને તેએ કૌમમાં ખૌફનો માહૌલ બરપા કીધો. સૈયેદનાએ જમાઅતના તમામ આઅયાન અને ફાઝિલ સાહેબોને આગાહ કીધા અને અહમદાબાદના બિગડેલા હાલાતથી વાકિફ કીધા. **આપ મૌલાએ તમામને અલ્લાહ પર તવક્કુલ રાખવાની અને અલી મૌલા મુશ્કિલકુશાના વસીલાથી સબર કરવાની હિદાયત ફરમાવી.** ચંદ અય્યામ બાદ આપે નહેરવાલીને સમઝાવવા દાઅવતના હુદૂદને મોકલા અને આપ મૌલાના પયામને હકીમાના અંદાઝથી, નરમ લહેજામાં અને મુશ્ફેકાના તૌરથી પહોંચાવો. સૈયેદનાના આ પયામ વાસ્તે નહેરવાલી પાસે કોઈ જવાબ ન હતો. તે ચુપ થઈ ગયો મગર તેના દિલમાં અહલે બોહરા વાસ્તે ઈન્તેકામની આગ ભડકતી રહી.

આ અલમનાક વાકેઆને ૪૫૦ સાલ ગુઝરી ચુકા છે. તે વક્ત કૌમે બોહરા એક હતી, સુલૈમાની કે દાઉદી અપનાથી અલગ થયા ન હતા. મોહંમદ તાહેર નહેરવાલીની ફિત્નત પહેલા જે વક્ત અહમદાબાદ શહેરનો વુજૂદ ન હતો, તે વક્ત ગુજરાતમાં આ જ મુજબ જાઅફર નહેરવાલી પટણીએ ફિત્નતની આગ ભડકાવી હતી. સેંકડો લોગો રાહે હક્ક અને મૌલા અલીનું દામન છોડીને ભટકી ગયા હતા. અહલુલ બૈત (અ.સ.) ની વલાયતને છોડીને દાઅવતના મુન્કિર બની ગયા હતા. **તેને આજે ૬૦૦ સાલ ગુઝરી ચુકા છે. ઘણા લોગો જે અકીદાના કાચા હતા તે આ ફિત્નતનો શિકાર બની ગયા.** હક્કની જમાઅતને છોડીને અહલે ઝાહિર બની ગયા. મૌલાને છોડીને મૌલવીઓને પોતાના સરપરસ્ત બનાવી લીધા. જાઅફર નહેરવાલીની ફિત્નતનો પૂરો કિસ્સો કિસ્તવાર મિશ્કાતુલ હાદીમાં આવી ચુકો છે.

અય મુમેનીન! જાઅફર પટણી અને મોહંમદ પટણી જેવા ફિત્નાખોરો અને ફસાદપસંદ લોગો આજે ઝમાનામાં મૌજૂદ છે. પોતે તો ગુમ્રાહીની ચાદર ઓઢી છે મગર તેના અંધારામાં બીજા દિલના અંધા લોગોને લપેટી લીધા છે કે, જે દાઅવતના નૂરની હકીકતથી વાકિફ હોતા નથી. સાચી અને ખરી વાત જાણતા હોતા નથી અને કોઈ વાર જાણવાની કોશિશ કરતા નથી. આવા લોગોના આઅમાલની કોઈ બુનિયાદ કે અસલ હોતી નથી જેમકે પાની પરના ફંફોલા, જેમ પૈદા થાય તેમ ફૂટી જાય છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, **આવા લોગો વાંદરા અને સૂવર જેવા છે.** જે જમાઅતથી અલગ થયો તે અલ્લાહની રહેમતથી ખાલી થયો અને શયતાનના ફંદામાં ફસાઈને નારી થયો. મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ના ઝમાનમાં આપને ના માનનાર કાફિર બની ઈસ્રાઈલનો જે હાલ થયો તેમ હક્કની જમાઅતના દામનને છોડીને જાનારનો બુરો હાલ થાશે, તારાજ તેનો જાનો માલ થાશે. તેની ગુમ્રાહીને બાહર લાવવા, ઊલટી કરવા હર વક્ત જાહિલો દરમિયાન નવા-નવા ખેલ ખેલા કરશે. ના તેની ઝબાનનો એતેબાર છે, ના વાઅદા-વચનનો ભરોસો છે, ના વેપાર-વહેવારમાં ઈમાનદારી છે, ના આઅમાલમાં સચ્ચાઈ છે, ના સોહબતમાં ફાયદો છે, ના તહેવારમાં તાબિશ છે, ના તેના ચહેરા પર હક્કનું નૂર છે. હર ફિત્ના બાદ હક્ક ઝાહિર થાય જ છે.

રિવાયતમાં છે કે, મોહંમદ નહેરવાલી ૧૧ ઝુલ-કાઅદા ૯૮૨ હિ./૨૧ ફેબ્રુઆરી ૧૫૭૫ ઈ. સોમવારે, અહમદાબાદમાં આવો. તે વક્ત તેના તઅલ્લુકાત, વાલીએ અહમદાબાદ મીરજહાન સાથે બહેતર હતા. તેના સાથે પાટણથી અહમદાબાદમાં આવીને ચંદ એવા શખ્સો પણ વસા જે મસ્જિદોમાં નમાઝ પઢાવતા હતા. તેની કૌમના મુફ્તીઓ અને મૌલવીઓ હતા. વક્ત ગુઝરતા નહેરવાલીએ અહમદાબાદમાં વસતી મુખ્તલિફ કૌમોનો જાએઝો લીધો. મીરજહાન તેના ફિત્નતઅંગૈઝ મન્સૂબાથી વાકિફ ન હતો. **તે વક્તથી અપની બોહરા કૌમ તે લઈનની આઁખમાં અને જિગરમાં કાંટા જેમ ચુભતી હતી.** અપની મસ્જિદોની રોનક, અપનો લિબાસ, અપનો વેપાર, અપના તહેવારો અને અપની તબીઅત તે લઈનથી (બકીયાહ પેજ નં. ૧૦ પર)

**ઘર તો ઘણા બધા છે મગર પરહૈઝગાર ઘર ઘણા કમ છે.**

(પેજ નં. ૯ નું બાકી)

જોવાતી ન હતી. દુશ્મનીની આગને ઠંડી કરવા તેએ મીરજહાનને ભરોસામાં લઈને પોતાના એક સાથીદાર મુફ્તી સાથે એમ ફત્વો જારી કરાવો કે, "કૌમે બવાહિરના લોગોનું ખૂન હલાલ છે, બલકે, એ લોગોનું કત્લ કરવું ફરઝ-વાજિબ છે. હજી એમ પણ લખાવું કે, **એક બોહરા શખ્સને જો કોઈ કત્લ કરે તો ખુદા તેને ૨૦ હજ્જનો સવાબ આપશે."**

આ તરહ ફિત્નાપરવર ફત્વાથી અહલે ઈમાનના દિલ બેસી ગયા. લોગોના વેપાર-રોઝગાર બંધ થઈ ગયા. મુમેનીનના બાઝાર સુમસામ થઈ ગયા. ઘર માંથી બાહર નિકલવું મુશ્કિલ થઈ ગયું. મુમેનીન ઉપર ઝુલ્મ બાદ ઝુલ્મ થાવા લાગા. જાનો માલની કોઈ સલામતી ના રહી. ઘણા મુમેનીન આ ફિત્નતનો શિકાર બની ગયા અને પોતાની જાન ખોઈ બેસા. નહેરવાલીના આ ફસાદદાર ફત્વાના સબબ બીજી મુસીબત એ બરપા થઈ કે, અહલે ઈમાન અને અહલે બોહરાના જે લોગો પડદા પાછલ દુશ્મનો હતા અને ખુલ્લી રીતે તેનો ઈઝહાર ન્હોતા કરી શકતા, તેઓને હવે મુમેનીન સાથે દુશ્મની રમવાનું ખુલ્લું મૈદાન મિલી ગયું. દુશ્મનાને ઈમાનને જાણે વાઘ છુટો. આ ફિત્નો એટલો શદીદ હદ તક પહોંચો કે, અલ્લાહના વલી, હક્કના દાઈ સૈયેદના દાઉદજી ઈબ્ને અજબશાહ (આ.કુ.) મખ્ફી થઈ ગયા. તકીય્યાના પડદામાં પોશીદા થઈ ગયા. આપ કહાઁ છે, તેની ચંદ હુદૂદ સિવાય કોઈને ખબર ન હતી. આપ કયા મકાનમાં રહે છે, તેની માઅલૂમાત પણ ખૂબ મખ્ફી હતી.

જે વક્ત નહેરવાલીને ખબર પડી કે, કૌમે બવાહિરના સૈયેદના મખ્ફી થઈ ગયા છે અને આપ કહાઁ છે, તેની કોઈને ખબર નથી, તો લઈન મીરજહાનને ખોટી વાતો કરીને મુમેનીન ખિલાફ ભડકાવવા લાગો. કહેવા લાગો કે, "અપના વાસ્તે બોહરાઓની તમામ ચીઝો હલાલ છે. તું તારા સિપાહીઓને બાઝારમાં મોકલ કે, તેઓ બોહરાઓની દુકાનોને લુંટે, માલ-અસ્બાબને હડપ કરી લે, **જે ચીઝ હાથ લાગે તેના પર કબ્ઝો કરી લે**. જે માલ અને અનાજ હાસિલ થાય તેને તું તારા બાવરચીખાનામાં આપી દે, તે અનાજનું ખાવું અપના વાસ્તે હલાલ છે. આ તરહ તું તારા સેંકડો રૂપિયા બચાવી શકીશ."

ફિત્નાના આ તરહના માહૌલમાં બીજો એક કિસ્સો એવો ગુઝરો છે કે, એક મરદે મુમિનને મોહંમદ નહેરવાલીના નઝદીક પકડીને લાવવામાં આવા. સિપાહીઓએ દુશ્મની ખાતિર તે મુમિનને ખૂબ માર મારો. પણ તે દિલમાં ને દિલમાં મુશ્કિલકુશા અલી (અ.સ.) નું નામ લેતા ગયા. નહેરવાલીએ પૂછ્યું કે, તું શું કામ કરે છે? મુમિને જવાબ આપો કે, હું સડક પરથી કચરો સાફ કરૂં છું, ભાંગ અને અફીમનો નશો કરૂં છું અને લોગો વાસ્તે હમ્માલીનું કામ કરૂં છું. આ સિવાય બીજું કોઈ કામ મને આવડતું નથી. આ સાંભલીને નહેરવાલી બોલો કે, આ શખ્સને મારશો નહીં. તે રાફઝી નથી, સુન્ની છે. રાફઝી લોગો અફીમ કે ભાંગનો નશો કરતા નથી. સડકનો કચરો સાફ કરતા નથી યા કોઈ હમ્માલીનો પૈશો કરતા નથી. ઝરૂર આ શખ્સ સુન્ની છે, તમેં તેને પહેચાના બગૈર કેમ પકડો અને મારો. તેને છોડી દો. નહેરવાલીએ તે મુમિનને અમાનનો કાગઝ લખી આપો અને જાતા જાતા જે વક્ત તે મુમિન કુરઆને કરીમની એક સૂરત પઢા, તો સઘલા સિપાહીઓ તેના હાથ-પગ ચુમવા લાગા અને મુઆફી તલબ કરવા લાગા. કહેવા લાગા કે, **"અય ભાઈ! હમેં તમને પહેચાના નહીં અને આઈંદા હમારા ખિલાફ કોઈ શિકાયત આ હાકિમને ના કરશો. તમારા હર સખુનને ઉચકવા હમેં તૈયાર છીએ."**

આ તરહ એક મરદે મુમિન હીલો કરીને તે નહેરવાલી અને તેના બદબખ્ત સિપાહીઓના શિકંજા માંથી આઝાદ થયા. તે વક્ત જે લોગો કૌમે બવાહિર યા અહલે ઈમાનના દુશ્મનો હતા તે મુમેનીનને રાફઝી કહીને પુકારતા હતા. રાફઝી યાઅની દીનથી ભટકાયેલો યા ખારિજ થયેલો. હકીકતન જોવા જઈએ તો જે લોગો આ તરહ બદ-કલામી કરતા હોય તેઓને જ ખુદના કલામ ઝિયાદહ લાગુ પડતા હોય છે. કૌન દીન પર ચાલે છે અને કૌન નથી ચાલતું તે તેના ઝાહિરી-બાતિની આઅમાલથી જ ખબર પડી જાય છે. નહેરવાલીએ તેના દૌરમાં ઝુલ્મ તો કીધો પણ તેનો અંજામ ખૂબ બુરો થયો. તેના પર બીજા લોગો મુસલ્લત થયા અને દૌરાને સફર તેના પર જાનલેવા હમ્લો થયો અને તે સફર દરમિયાન તે હલાક થયો. ✯

**નમાઝ વાસ્તે કિબ્લા-કાઅબાને તમામ જાણે છે મગર તે ઘણા કમ લોગો છે જે મૌલૂદે કાઅબાના વાકેઆને જાણે છે.**

## દરસે લેસાનુદ્દાઅવત

# ذكر

**الا بذكر الله تطمئن القلوب۔ يعني، بلا شک، الله تعالى ني ذكر سي دلو نے إطمئنان ملے چھے۔ قرآن كريم ني آ اٰية شريفة ما ذكر** سي مراد و مطلب ذكر مولانا إمام حسين عم سي چھے۔ آ ج **مثل ذكر الله ما ٤ حرف چھے، ته ج موجب محمد انے علي ما پن ٤ حرف چھے۔ حسن انے حسين ما پن ٤ حرف چھے۔ إمام انے حجة نا پن ٤ حرف چھے۔ ذكر ني معنى رسول الله** صلعم انے آل رسول صع ني چھے۔ الله تعالى يه گھني آيتو ما پوتاني ذكر ساتھے رسولو ني ذكر نے جوڑي ديدي چھے۔ رسول نا ساتھ سي ج الله نو ساتھ ملے چھے۔

رسول ني آل نا هر إمام تهنا زمان ما ذكر الله چھے۔ قرآن كريم ما آ اٰية چھے كه، انا نحن نزلنا الذكر وانا له لحفظون۔ همين ذكر نے نازل كيدي انے همين ج تهني حفاظت كرنار چھے۔ كربلاء ما مولانا إمام حسين عم نے يزيديو يه شهيد تو كيدا مگر بے إمام باقي رهيا۔ ايک مولانا إمام علي زين العابدين عم انے بيجا مولانا إمام محمد الباقر عم۔

إمام زين العابدين عم نے يزيد پليد يه شام ما قتل كروانو حكم كيدو، مگر مولاتنا زينب جه إمام نا حجة هتا، آپ يه ته لعين ساتھے حجة كيدى انے فرماؤ كه، اَے يزيد! تو يه مهارا بهائي حسين نے قتل كيدا، تو سوں تو نے ته بس نتھي؟ سوں همنے ستاوينے تارو مجي دل نتھي بهرايو؟ هوے مهارا بهتيجا نے قتل كروانو كهے چھے!!! تو منے اولكھے چھے، هوں كون چھوں؟ هوں علي عم ني دختر چھوں۔ تو منے سوں سمجھے چھے، همنا جو هوں آسمان نے حكم كروں تو تهارا پر عذاب نازل تهاسے انے زمين نے حكم كروں تو تو همنا زمين ما دٹائي جاسے۔ خبردار! سوچينے تو حكم كرجے۔ ته ج وقت يزيد لرزي گيو انے ته ج وقت حكم نے رد كري ديدو۔

يزيد نا تمام إراده اوپر پاني پھري گيو۔ مولانا إمام حسين عم ني شهادة بعد پن إمام ني شكل ما الله ني ذكر باقي رهي۔ آ ذكر ني ضمانت انے حفاظت تو الله نا هاته ما چھے۔ إنسان جه شيطان بنى نے آ ذكر نے مٹاووا پر آماده تهائي، تهني سوں جرأت كه ته تهنا بد إراده ما كامياب تهائي!!! هرگز نهيں! هزارو سال گذري گيا مگر آ ذكر مولانا إمام حسين عم ني بركة سي آجے آپنا داعي سيدنا حاتم زكي الدين صاحب طعش ما باقي چھے۔

آپ مولى، إمام الزمان عم طرف مؤمنين نے دعوة دئي رهيا چھے۔ آ إمام الزمان، آقا حسين نا شهزاده چھے۔ إمام الزمان ني ذكر سي آقا حسين ني ذكر چھے۔ آ مبارک ذكر طرف آپ مولى مؤمنين نے بلاوي رهيا چھے۔ ته آ ج ذكر چھے كه، مؤمنين مخلصين نا دلو پر إطمئنان انے باسكون چھے۔ إمام الزمان ني ذكر نا سايه ما الله نا دين نو قيام انے مضبوطي ته ج وقت تهائي كه جه وقت مؤمنين نا دلو ني زمين قرارية انے تمكن والي هوئي۔

**ગમે હુસૈન (અ.સ.) માં માતમ તો અકસર કરે છે મગર થોડા લોગો મકસદે માતમને સમઝે છે.**

## ઝિક્ર

**"અલા બેઝિકરિલ્લાહે તત્મઈન્નુલ કુલૂબ"**, યાઅની, બિલા શક અલ્લાહતઆલાની ઝિક્રથી દિલોને ઈત્મિનાન મિલે છે. કુરઆને કરીમની આ આયતે શરીફહમાં "ઝિક્ર" થી મુરાદો મત્લબ ઝિકરે મૌ. ઈમામ હુસૈન (અ.સ.) થી છે. આ જ મિસિલ **"ઝિકરૂલ્લાહ"** માં ૭ હરફ છે, તે મુજબ **"મોહંમદ"** અને **"અલી"** માં પણ ૭ હરફ છે. **"હસન"** અને **"હુસૈન"** માં પણ ૭ હરફ છે. **"ઈમામ"** અને **"હુજ્જત"** ના પણ ૭ હરફ છે. "ઝિક્ર" ની માઅના રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આલે રસૂલ (સ.અ.) ની છે. અલ્લાહતઆલાએ ઘણી આયતોમાં પોતાની ઝિક્ર સાથે રસૂલોની ઝિક્રને જોડી દીધી છે. રસૂલના સાથથી જ અલ્લાહનો સાથ મિલે છે.

રસૂલની આલના હર ઈમામ તેના ઝમાનમાં "ઝિકરૂલ્લાહ" છે. કુરઆને કરીમમાં આ આયત છે કે, **"ઈન્ના નહનો નઝઝલનઝ ઝિકરા વ ઈન્ના લહૂ લહાફેઝૂન"**, હમેં ઝિક્રને નાઝિલ કીધી અને હમેં જ તેની હિફાઝત કરનાર છીએ. કરબલામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ને યઝીદીઓએ શહીદ તો કીધા મગર બે ઈમામ બાકી રહ્યા. એક મૌ. ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) અને બીજા મૌ. ઈમામ મોહંમદ અલ-બાકિર (અ.સ.).

ઈમામ ઝૈનુલ આબેદીનને યઝીદ પલીદે શામમાં કત્લ કરવાનો હુકમ કીધો, મગર મૌ. ઝયનબ ઈમામના હુજ્જત હતા. આપે તે લઈન સાથે હુજ્જત કીધી અને ફરમાવું કે, અય યઝીદ! તુંએ મારા ભાઈ હુસૈનને કત્લ કીધા, તો શું તુંને તે બસ નથી, હમને સતાવીને શું તારૂં દિલ હજી નથી ભરાયું કે હવે મારા ભતીજાને કત્લ કરવાનું કહે છે? તું મેન ઓલખે છે હું કૌન છું? હું અલીની દુખ્તર છું. તું મને શું સમઝે છે, હમણા જો હું આસ્માનને હુકમ કરૂં તો તારા પર અઝાબ નાઝિલ થાશે અને ઝમીનને હુકમ કરૂં તો તું હમણા ઝમીનમાં દટાઈ જાશે. ખબરદાર! સોચીને તું હુકમ કરજે. તે જ વક્ત યઝીદ લરઝી ગયો અને તે જ વક્ત હુકમને રદ કરી દીધો.

યઝીદના તમામ ઈરાદા ઉપર પાની ફિરી ગયું. મૌ. ઈમામ હુસૈનની શહાદત બાદ પણ ઈમામની શિકલમાં અલ્લાહની ઝિક્ર બાકી રહી. **આ ઝિક્રની ઝમાનત અને હિફાઝત તો અલ્લાહના હાથમાં છે.** ઈન્સાન જે શયતાન બનીને આ ઝિક્રને મિટાવવા પર આમાદહ થાય તેની શું જુર્અત કે તેના બદ ઈરાદામાં કામિયાબ થાય! હરગિઝ નહી! હઝારો સાલ ગુઝરી ગયા, ઝમાનાઓ ગુઝરી ગયા, બેશુમાર નબીઓ ગુઝરી ગયા મગર આ ઝિક્ર મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની બરકતથી આજે આપના દાઈ સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) માં બાકી છે.

આપ મૌલા, ઈમામુઝઝમાન (અ.સ.) તરફ મુમેનીનને દાઅવત દઈ રહ્યા છે. આ ઈમામુઝઝમાન આકા હુસૈનના શાહઝાદા છે. ઈમામુઝઝમાનની ઝિક્રથી આકા હુસૈનની ઝિક્ર છે. આ મુબારક ઝિક્ર તરફ આપ મૌલા મુમેનીનને બોલાવી રહ્યા છે. તે આ જ ઝિક્ર છે કે, મુમેનીન મુખ્લેસીનના દિલો પુરઈત્મિનાન અને બાસુકૂન છે. ઈમામુઝઝમાનની ઝિક્રના સાયામાં અલ્લાહના દીનનો કિયામ અને મઝબૂતી તે જ વક્ત થાય કે જે વક્ત મુમેનીનના દિલોની ઝમીન કરારીયત અને તમક્કુન વાલી હોય. ✫

### મૌ. ઈમામ હુસૈન (અ.સ.)

ઈબ્તેદાએ સબ્ર હે ઐયૂબ તો હે ઈન્તેહા ઉસકે હુસૈન,
હે શરીઅત એક જિસિમ તો રૂહો જાઁ ઉસકે હુસૈન,
છોડ કે વો કિસ જગા પર જાયેગા તુમકો હુસૈન,
હર ઝમીં હે કરબલા ઔર આસ્માઁ ઉસકે હુસૈન. ✫


### તિજારત

**હજારીવાલા** અબ્બાસઅલી - ૯૭૧૪૪૩૦૩૧૪
**R.T.O. ને લગતા દરેક કામ કરી આપવામાં આવશે તથા પાનકાર્ડ કાઢી આપવામાં આવશે.**
શ્રી અંબે વિદ્યાયલ પાસે, સનમીલન ફ્લેટ સામે,
વાઘોડીયા ચોકડી, વાઘોડીયા રોડ, વડોદરા. ✫


**દાઈને બયઅત આપનાર તો ઘણા હોય છે મગર કમ લોગો તેના પર અમલ કરે છે.**

## મરસીયાએ મુસાફિરે હુસૈન

૧) અય મુમિનોં હુસૈનની ગમની કહાની છે,
શબ્બીર, પંજતનની આ બાકી નિશાની છે,
આ ગમ થી થાય આંસુની હે હે રવાની છે,
રન માં અકેલા ફાતેમા ઝહેરાના જાની છે,
નેઝાને ટેકો દઈને ઉભેલા હુસૈન છે,
પુરદર્દ હાય કરબોબલાના આ બૈન છે.

૨) મકતલ માં શાહ ચારે તરફ છે કરે નઝર,
અકબર પડા છે નેઝાને ખાઈ ઝમીન પર,
ઝયનબ બહેન ના લાડલા છે ખૂંમાં તર-બ-તર,
અબ્બાસના અલમ થી આ તૂટી ગઈ કમર,
અસગરઅલીની લાશને દફનાવી રોઈ છે,
ધારસ બંધાવવા વાલા ગયા લાશા જોઈ છે.

૩) ગમની કહાની દર્દભરી આ પઢાય છે,
કોઈ મુસાફિર એક નજફ સિમ્ત જાય છે,
તેની ઝબાઁ પ યા અલી ની તસ્બીહ થાય છે,
લાશાઓ જોઈ સીના થી બસ નિકલે હાય છે,
જોયું તો એક અરબ છે ઊભા નેઝા ટેકીને,
રોઈ રહ્યા છે લાશાઓ સબ ના તે જોઈને.

૪) આ જોઈ બોલો રોઈ મુસાફિર મુસીબતા,
આ એક અરબ છે ઝખ્મી થયેલા ઊભા હુવા,
નેઝાઓ તીર મારે છે સું થઈ હસે ખતા,
સા વાસ્તે આ ભાલાઓ મારે છે અશકિયા,
દિલએ કહ્યું કે પૂછવું મુઝને ઝરૂર છે,
બેશક ખુદાના બંદા છે ચહેરા પ નૂર છે.

૫) નઝદીક આવી શાહ થી બોલો કે અસ્સલામ,
છો કૌન આપ મુઝને બતાનો તો નેકનામ,
તકસીર સું છે મારે છે તીરો આ અહલે શામ,
પ્યાસા નઝર આવો છો પિરાવું મૈં પાની જામ,
કિમ ગશ પ ગશ આવે છે સું ભાઈ ગયા મરી,
લાશાઓ જોઈ દિલમાં ઉઠી મારી થરથરી.

૬) શેહ બોલા કૌન આપ છો પૂછો ના આ ખબર,
દુશ્મન છે આ ગરીબના આઅદાઓ બદ-ગોહર,
મહેમાઁ બુલાવી મારે છે તીરો અને તબર,
ભાઈ કહાઁ ની આપ કરો છો કહો સફર,
બોલો નજફમાં જઈને મદીના તરફ વલીસ,
દિલમાં જે વલવલા છે તે પૂરા વહાઁ કરીસ.

૭) બોલા હુસૈન ભાઈ મુસાફિર ગલે મિલો,
જઈને નજફ ઝિયારતે આકા અલી કરો,
આ ગમઝદાની દર્દભરી દાસ્તાઁ કહો,
થાવું શહીદ આવીને ગોદીમાં લાશ લો,
મારી કહાની ગમની અલીને સુનાવજો,
કરબોબલા માં જલ્દીથી તશરીફ લાવજો.

૮) કહેજો અલી થી હાથને જોડી દોઆ કરી,
પેશ આવા છે આ ઝાલિમો આઅદા જફા કરી,
પાનીને બંદ કીધા છે મકરો દગા કરી,
આ મારા અહલે બૈત સિતમથી ગયા મરી,
આ મારા ભાઈ, ભાન્જા દિલબર ની લાશ છે,
આ નૌજવાન લાડલા અકબર ની લાશ છે.

૯) અકબર નું નામ સાંભલી રોયો મુસીબતા,
છાતી પ હાથ મારી પુકારો મોહંમદા,
સીના માં દિલ છે ધડકે બતાવો મને ઝરા,
આ નામ અહલે બૈતનું છે સું થયું ખુદા,
જલ્દી વતન બતાવો મને યહાઁ ન ચૈન છે,
હાઁ હાઁ બતાવો મુઝને કહાઁ પર હુસૈન છે.

૧૦) મુઝને બતાવો થરથરી દિલમાં ઉઠી ગઈ,
સું ફાતેમાની હાય આ ખેતી લુટી ગઈ,
આ નૌજવાઁના સીનામાં બરછી ચુભી ગઈ,
નઝરોમાં શિકલે અહમદે મુરસલ ફિરી ગઈ,
કદમો ઉપર પડીને પુકારા કે હાય હાય,
નામ આપનું બતાવો કે દિલને આ ચૈન થાય.

૧૧) બોલા કે મારા ભાઈ આ સફદર થયા શહીદ,
અઠ્ઠારા સાલના અલી અકબર થયા શહીદ,
ઝયનબ બહેનના લાડલા દિલબર થયા શહીદ,
ભાઈ આ છો મહીનાના અસગર થયા શહીદ,
સું વાતને કહું કે ના દિલને આ ચૈન છે,
ઝયનબ પુકારા ખેમાથી ભાઈ હુસૈન છે.

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**નેઅમતો તો અનગિનત છે મગર ચંદ બંદગાને ખુદા તેનો શુક્ર અદા કરે છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

૧૨) સુનતાના સાથ છાતીને કૂટી પુકારો આહ,
હયહાત પંજતનની નિશાની થઈ તબાહ,
કદમો પ તે પડીને પુકારો મુસીબતા,
મુઝને મદીના જાવાની દિલથી હતી જે ચાહ,
આકા નજફ હાઁ જઈને બતાવો મૈં સું કરૂં,
દઈએ રઝા મૈં સરને કટાવી યહાઁ મરૂં.

૧૩) બોલો કે ભાઈ આપના અબ્બાસ છે કહાઁ,
આકા મદીના મુકીને આવા છો સું યહાઁ,
શેહએ કહ્યું કે ઈશ્ક તું ને ભી છે નૌજવાઁ,
ભાઈ તું ચલ બતાવું મૈં અબ્બાસ ભાઈજાઁ,
દરિયા કિનારે આવા મુસાફિરને સાથ લઈ,
લાશો બતાવી રોયા ઘણા ભાઈ ભાઈ કહી.

૧૪) ઉઠ્ઠો અય ભાઈ કોઈ મુસાફિર આ આવા છે,
જાઈ નજફ છે, તેને હમેં સાથ લાવા છે,
બોલો મુસાફિર આહ બે બાઝૂ કપાવા છે,
જોયું અલી ભી લાશ પ તશરીફ લાવા છે,
લાશાને લઈ ગોદીમાં રોએ છે મુરતઝા,
શબ્બીર રોતા-પીટતા લાશા પ છે ઊભા.

૧૫) શબ્બીર બોલા ભાઈ મુસાફિર આ ભાઈ છે,
બાવા અલીની ખાક પ સુતી કમાઈ છે,
સક્કાએ અહલે બૈત આ મારા ફિદાઈ છે,
અબ્બાસ ઉઠ્ઠો ભાઈ મુસાફિર આ જાય છે,
બોલો મુસાફિર આકા અય અબ્બાસ નૈકનામ,
મહેમાનનો ગરીબનો અબ્બાસ લો સલામ.

૧૬) સું સું ઉમંગ લઈને મૈં નિકલો વતન થકી,
જઈને નજફ સલામ પઢું હું દહન થકી,
તે બાદ જઈ મિલીસ હુસૈને ઝમન થકી,
આવો છું ચલતો ચલતો ઘણા મૈં મહન થકી,
ઉમ્મીદો મારી ખાકમાં હય હય મિલી ગઈ,
કરબોબલામાં ઝહરાની વાડી લુટી ગઈ.

૧૭) કદમો ઉપર પડીને પુકારો કરીને બૈન,
રન ની રઝાને આપીએ આકા મને હુસૈન,
આપો શરફ ગરીબને અય મુરતઝાના ચૈન,
બોલા હુસૈન ભાઈના કર તું આ શૌરો શૈન,
રોજે હમારા ગમમાં ને મજલિસ રચાવજે,
જન્નતમાં ઘર બનાવવાને રોજે રૂલાવજે.

૧૮) ઝાકિર અજબ છે કરબોબલાની આ દાસ્તાઁ,
રોનારા શેહના ગમમાં હમેશા છે શાદમાઁ,
મજલિસના બાની ઉપર ખુદા ખુદ છે મેહેરબાઁ,
હાતિમ ઝકીના હક્કમાં દોઆ કર જે ભાઈજાઁ,
મૌલા હમારા અમનો અમાઁ માં ખુદા રહે,
આમીન કહેતા જઈએ ઝબાઁ પર દોઆ રહે. ✯


## તિજારત

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✯

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઈશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✯


## નઝમ

" અલ-હાદી " હે એક રિસાલઓ કૌમી,
મઝામીન હે જિસ્મે અદબી-ફલાહી.
કિયે સોલહ સાલ ઈસને ખૂબીસે પૂરે,
હે સરસબ્ઝ હર ઈલ્મ કા ઈસ સે બુસ્તાં.
મઝામીન તારીખો ઈલ્મો હિકમ કે,
હુએ ઈસ મેં શાએ બ તેહકીકો ઈકાં.
કસાઈદો અશઆર રૂબાઈયો કત્આત,
હુએ તબઅ હરએક રિસાલે કે દૌરાં.
બ અસ્રે મુબારક રાહે દીન યા રબ,
ફલે ફૂલે ઈલ્મો અદબ કે ગુલિસ્તાં.
બકા તૂલ હો શેહકી તા રૌઝે મેહશર,
દોઆ હે યે મુમિન કી નઝદીકે યઝદાં. ✯

**દોસ્તોની ફેહરિસ્ત તો ખૂબ લંબી હોય છે મગર તેમાંથી ઘણા કમ કામના હોય છે.**

## સાલે નૌ ૧૪૪૧ હિ. ની મુબારકબાદી

હર સમાજમાં સાલે નૌ-નવું સાલ ખુશીઓ અને નવી ઉમ્મીદોનો પૈગામે સઈદ લાવે છે. લોગો બેકરારીથી નવા સલાને વધાવવા વાસ્તે ઈન્તેઝાર કરતા હોય છે. ખુદાતઆલાએ અલવી મુમેનીનને આ નેઅમતથી બાકાત નથી રાખા. મહેરૂમ નથી કીધા. મગર હમ મુમેનીન વાસ્તે સાલે જદીદ એક અજબ તરહની ખુશી અને ઝિંદગી લઈ ને આવે છે.

મોહર્રમુલ હરામ મહીનાના કરબલાના વાકેઆત, હમારા આશીકાને ઈમામે મઝલૂમના દિલો ઝમીર પર હાવી હોય છે. શહાદતે સિબ્તે પૈગમ્બર, મુરતઝાના નૂરે નઝર મૌ. અબૂ અબ્દિલ્લાહિલ હુસૈન (અ.સ.) પર માતમ અને આહોઝારી હમારી તમામ ખુશીઓને ઘેરી લે છે.

ગમે ઈમામે હક્કની નેઅમત ખુદાતઆલાએ હર ચુનંદહ મુમેનીનને અતા ફરમાવેલી છે. આ ગમ હમને આખેરતમાં હઝારો ખુશી બખ્શનાર છે. હમેં દુનિયા વાસ્તે નહીં મગર આખેરત વાસ્તે ઝિંદગીને જીવીએ છીએ. આ ઝિંદગી અને દુનિયા હમારા આકા હુસૈન પર કુરબાનો ફિદા છે. આપ મૌલાના જ સબબ આજે હમારો દુનિયામાં વુજૂદ કાઈમ છે. આપની જ શફાઅતના હમેં તલબગાર છીએ.

આકા હુસૈન (અ.સ.) અને આપના અહલેબૈત (અ.સ.) પર રોવાની નેઅમત કરતા બીજી કઈ ચીઝ હમારા વાસ્તે ઊંચી અને અહમ હોય. અશરહ મુબારકહ ના અય્યામે હુસૈનીયહની મજલિસો માતમમાં શરીક થાવું ઐન સઆદત અને ખુશબખ્તી છે. દુનિયાની કોઈ દૌલત આ બરકાતની બરાબરી ના કરી શકે.

**ખુદાતઆલા હમને આ ૧૪૪૧ હિ. ના સાલે નૌ ની બશારતોને મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના માતમના વસીલહ ફાઝેલહથી હમારા વાસ્તે ખાસ કરે અને તેની તબર્ઈકાતને હમારી ઝિંદગીના હર ગોશામાં ઉતારે, એવી ઈલ્તેજા છે.** ખુદાતઆલા આકા હુસૈન અને મૌલા અલી ના દાઈએ હક્ક સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની ઉમ્ર શરીફને ઈલા યૌમિદ્દીન તૂલ ફરમાવે અને આપ મૌલાનો સાયએ શફકત અને ઝિલ્લે રહેમત હર અલવી મુમેનીન પર કાઈમ દાઈમ રાખે.

**આમીન. યા ખૈરલ હાફેઝીન.** ☆

## જન્નત ઉસે હાસિલ હે

હાતિમ ઝકી સા મૌલા મિલના હમેં મુશ્કિલ હે, યે બાત યે હકીકત જો માને વો આકિલ હે.
તૈયેબ ઝિયા મૌલાને સોંપી હે ઈન્હેં દાઅવત, બયઅત જો અરઝ કર લે, દાઅવત મેં વો દાખિલ હે.
મજાલિસ મેં આકે બેઠે, દાઈ સે રખે ઉલ્ફત, તાઅઝીમ ઉનકી કર લો, ઈઝ્ઝત કે વો કાબિલ હે.
માતમ તો ખૂબ કર લે, પહેચાને ના દાઈ કો, દાઈ હુસૈન કે હૈં, ક્યૂં દાઈ સે ગાફિલ હે?
દાઈ હમેં સુનાતે હૈં કરબલા કી દાસ્તાન, રો લે જો ગમે શાહ મેં, જન્નત ઉસે હાસિલ હે.
હાજિતરવાઈ કરના હમારી શહે ઝી જાહ, માયૂસ નહીં હોતા તેરે દર કા જો સાઈલ હે.
યે માહે મોહર્રમ ભી અજબ નેઅમતેં લાતા હે, ઈસ નેઅમતોં મેં ઝિકરે શાહે હુદા શામિલ હે.
જન્નત ખરીદને કી મૌસમ યે આ ચુકી હે, હક્કદાર હે વો મુમિન ખિદમત મેં જો માઈલ હે.
હે મજાલિસે હુસૈન કા મુમ્તાઝ એક મકામ, મિલતા હે સુકૂં હમકો યે નૂરા કી મહેફિલ હે.
અન્વર તું સર ઝુકા દે ઔર રોક દે કલમ કો, આકા હુસૈન દરિયાએ ઉમ્મીદ કે સાહિલ હે. ☆

**દોઆ તો હર કોઈ બંદો કરે છે મગર ખુદાના પસંદીદહ બંદાની દોઆ જ મકબૂલ થાય છે.**

## સલામ

**"નામ સે શબ્બીર કે ઘર ઘર મેં બરકત રેહ ગઈ"**

અય હુસૈન ઈબ્ને અલી યે તેરી શોહરત રેહ ગઈ,
આપસે ઈસ્લામ કી આક્રા યે ઈઝ્ઝત રેહ ગઈ.
હમ ગુનાહગારોં કી ખાતિર સર દિયા, ઘર ભી દિયા,
દેખ કર યે તેરી હિંમ્મત શાને કુદરત રેહ ગઈ.
બાનુ કહેતી થી રચાતી શાદી અકબર મૈં તેરી,
બેટા મૈં યહાઁ લુટ ગઈ સબ મેરી હસરત રેહ ગઈ.
કાસિદે સુગરા હે આયા રોતા સર કો કૂટતા,
તા-કેયામત યે બહેન-ભાઈ મેં ફુરકત રેહ ગઈ.
બોલા નામાબર મદીના કિસ તરહ અબ જાઉંગા,
ખાક મેં મિલ કર યે સુગરા કી મહબ્બત રેહ ગઈ.
તીર મારા હુરમલાને કિસ ઝબાઁ સે મૈં કહું,
હાથ પર સરવર કે હય હય નન્હીં મૈયેત રેહ ગઈ.
ઝૂલા ખાલી દેખ કર રોતી થી માઁ સર કૂટ કર,
અય અલી અસગર તુમ્હારી યાદે ઉલ્ફત રેહ ગઈ.
કમસિની પે આઁખ મેં આંસુ યે થમ સકતે નહીં,
હુરમલા દોનોં જહાઁ મેં તુઝકો ઝિલ્લત રેહ ગઈ.
સર લગન મેં શાહ કા ઔર તખ્ત પર ઝાલિમ યઝીદ,
સર ઝુકાએ દેખતી હયદર કી ઈત્રત રેહ ગઈ.
સર હુએ સર દેકે ઝાલિમ પે હુસૈન ઈબ્ને અલી,
ખાક મેં મિલ કર યઝીદી સબ હુકૂમત રેહ ગઈ.
અબ યે હયરત ઔર ઝિલ્લત ઔર અઝીયત અય યઝીદ,
નામ પર લાઅનત તેરે સબ કહેતી ખલ્કત રેહ ગઈ.
કરબલા કી ખાક મેં બેવજહ શેહ કા ખૂઁ બહા,
નામ સે શબ્બીર કે ઘર ઘર મેં બરકત રેહ ગઈ.
રેહ ગઈ ઝાકિર જહાઁ મેં યાદ યે શબ્બીર કી,
ઉમ્મતે આસી પે બાકી શેહ કી શફકત રેહ ગઈ. ✫

## પંજતન

તખ્તે સુબ્હાની કા જો હે તાજ વો હૈં પંજતન,
નહેરે કૌસર જિસકા હે મોહતાજ વો હૈં પંજતન,
રખ લે જો સાઈલ કી હર પલ લાજ વો હૈં પંજતન,
સારી દુનિયા પર હે જિસકા રાજ વો હૈં પંજતન,
પંજતન કી માઅરેફત સે જિસકા રિશ્તા કટ ગયા,
જીતેજી ઉસકે લીયે રિઝકે ખુદા હી મિટ ગયા. ✫

## મૌ. અબ્બાસ અલમદાર (અ.સ.)

અબ્બાસ તું વફાઓ કે પરચમ કી હે ઈઝ્ઝત,
ઔર પ્યાસી સકીના કા તું હે બાઈસે રાહત,
ભાઈ હુસૈન કે લીયે બાઝૂ તેરે તાકત,
ઔર સામના તેરા કરે કિસ મેં હે યે હિમ્મત,
લહેરાયા તુંને પરચમે હક્ક હાથ કટા કર,
નામે હુસૈન ઝિંદા રખા ખુદ કો મિટા કર. ✫

---

**દીને ઈસ્લામને માનનારા ખૂબ છે
મગર ઘણા કમ સાચા ઈમાનદાર બને છે.**

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન "અસ-સહીફતુત તૈયેબીયાહ" ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.